Received on: 01-08-2022
Registered on: 01-08-2022
Decided on: 30-03-2026
Duration: YY MM DD
03 -07 - 29

सत्यमेव जयते

**FORM – A**

## *IN THE COURT OF 4TH ADDI. DISTRICT & SESSIONS JUDGE, SURAT*

*Present:*

*4th Addl. Sessions Judge, Surat.*

*DATE OF JUDGMENT:30-03-2026*

*SC No.567/2022*

*Katargam Police Station FIR No.11210021200239/2020*

| | |
|---|---|
| Complainant | The State of Gujarat |
| Represented by | Ld. A. P. P. Mr. T. A. Pancholi |
| Accused | 1. Ratanben Prabatbhai Solanki<br>Age about-30, Occupation - Labour Work,<br>Re-Sujangadh Zupadpatti,<br>Ta.Di. Shirohai (Rajasthan)<br>2. Rupaben @Rupal Bharatbhai Vaghela<br>Age about-25, Occupation -Labour Work,<br>Re-Sujangadh Zupadpatti,<br>Ta.Di. Shirohai (Rajasthan). |
| Represented by | Ld. Advocate Mr. D. C. Shah |

***FORM - B***

| | |
|---|---|
| Date of Offense | 07/01/20 |
| Date of FIR | 23/02/20 |

| | |
|---|---|
| Date of Charge-sheet | 13/03/20 |
| Date of Charge framing | 13/04/23 |
| Date of commencement of evidence | 23/02/24 |
| Date on which Judgment is reserved | 24/03/26 |
| Date of the Judgment | 30/03/26 |
| Date of the Sentencing order, if any | - |

| Rank Name of the Accused | Name of the accused | Date of Arrest | Date of Release on bail | Offences charged with | Whether acquitted or convicted | sentence imposed | Period of detention undergo |
|---|---|---|---|---|---|---|---|
| 1 | Ratanben Parabatbhai Solanki | 23/02/20 | 13/03/20 | IPC-379(A)(3), 114. | acquitted | | |
| 2 | Rupaben @ Rupal Bharatbhai Vaghela | 23/02/20 | 07/03/20 | IPC-379(A)(3), 114. | acquitted | | |

**FORM – C**

**LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES**

**A. Prosecution-**

| Rank | Ex. | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness,Panch Witness, Other Witness) |
|---|---|---|---|
| PW-1 | ૧૬ | નિકુંજભાઇ ધીરૂભાઇ પ્રજાપતિ. (ગુનાવાળી જગ્યાના તથા ડીવીડી કબજે કર્યાના) | પંચસાહેદ |
| PW-2 | ૧૯ | મેહુલભાઇ હિમંતભાઇ વરીયા (ગુનાવાળી જગ્યાના તથા ડીવીડી કબજે કર્યાના) | પંચસાહેદ |
| PW-3 | ૨૩ | સુજીત વિનભાઇ (ASI) | પોલીસ સાહેદ |
| PW-4 | ૨૯ | મંગળાબેન મોહનભાઇ પાંડવ | ફરીયાદી. |
| PW-5 | ૩૩ | પારૂલબેન ગોવિંદભાઇ ભુવા | ત.ક.અ. |
| PW-6 | ૩૫ | ઇશ્વરભાઇ મોહનભાઇ પાંડવ | ફરીયાદીનો પુત્ર. |

**B. Defence witnesses, if any:**

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| | | |

**C. Court witnesses, if any:**

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| | | |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

**A. Prosecution:**

| Sr. No. | Exhi. No. | Description |
|---|---|---|
| ૧ | ૧૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું.(PW–1) |
| ૨ | ૧૮ | ડીવીડી કબજે કર્યાનું પંચનામું.(PW–1) |
| ૩ | ૨૪ | ફરીયાદ.(PW–3) |
| ૪ | ૨૫ | સ્ટેશન ડાયરીની પ્રમાણિત નકલ. (PW–3) |
| ૫ | ૩૪ | ડીવીડી. (PW–5) |

**B. Defence witnesses, if any:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | |

**C. Court witnesses, if any:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | |

**D. Material Objects:**

| Sr. No. | Material Object No. | Description |
|---|---|---|
| 1 | Video recordings CCTV Footage | Sony company's DVD |

# *- JUDGMENT -*

૧. આ કામના ઉપરોકત જણાવેલ આરોપીઓ સામે કતારગામ પોલીસ સ્ટેશન દ્વારા અત્રેની અદાલતમાં ફરિયાદીની ફરિયાદના આધારે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ મુજબના ગુના અંગેનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

૨. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૦૭/૦૧/૨૦૨૦ ના રોજ સાંજના પોણા છ એક વાગ્યાના સુમારે ફરીયાદી કતારગામ શીવલોક સોસાયટીમાં આવેલ ખોડીયાર કરીયાણા નામની દુકાનમાં કાજુ, બદામ લેવા ગયેલ તે વખતે ભીડનો લાભ લઈ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, અચાનક નજર ચુકવી ફરીયાદીના ગળામાં પહેરેલ સોનાની કંઠી, આશરે ત્રણ તોલાની અંદાજે કિં. રૂા.૭૫,૦૦૦/– ની લઈ નાસી જઈ આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જે બનાવ સંબંધે આ કામના ફરિયાદી એ આરોપીઓ વિરૂદ્ધ હાલની ફરિયાદ કરેલી છે.

૩. ઉપરોક્ત બનાવની ફરિયાદ તા.૨૩–૦૨–૨૦૨૦ ના રોજ કતારગામ પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૦૦૨૧૨૦૦૨૩૯/૨૦૨૦ થી નોંધાયેલી. ફરિયાદના તપાસના અંતે હાલના આરોપીઓ વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ મુજબ પોલીસ દ્વારા આરોપીઓની અટક કરીને ઉપરોક્ત ગુનાની તપાસના અંતે આરોપીઓ વિરૂદ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. જે કેસને વિ. જયુ. મેજી. ફ. ક. સુરત તરફથી કમીટ થઈને આવતાં મારા પુરોગામી જજશ્રી દ્વારા સેશન્સ કેસ નં.૫૬૭/૨૦૨૨ થી રજીસ્ટરે લઈ આગળની ન્યાયિક કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

૩.૧ ત્યારબાદ અત્રેની કોર્ટ દ્વારા આરોપીઓને ધોરણસરની પ્રોસેસ થતા આરોપીઓ

તેમના વિ.વ.શ્રી મારફત હાજર થયેલ અને આરોપીઓને પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડેલાની ખાત્રી કરીને આ કામના આરોપીઓ વિરૂદ્ધ આંક–૮ થી ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાનું તહોમતનામુ ફરમાવેલ છે, જે અન્વયે આરોપીઓનું ગુના બાબતે આંક–૯ અને ૧૦ થી નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીઓએ ગુનો કબુલ નથી અને કેસ આગળ ચલાવવાનું જણાવેલ છે. તેમજ આરોપીઓએ સ્વખર્ચે વકીલ રોકેલ છે.

૪. આ કામે બંને પક્ષકારો તરફેની મૌખીક દલીલ સાંભળી. જેમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જણાવેલ છે કે, ફરીયાદી તથા સાહેદોનો પુરાવો રજુ કરેલો છે. તેમજ બનાવવાળા સ્થળના સીસીટીવી કુટેજ કબજે કરવામાં આવેલ છે અને તેમાં આરોપીઓએ ચોરી કરેલાની હકીકતને સમર્થન મળે છે અને તે હકીકતને પંચસાહેદોએ પણ સમર્થન કરેલ છે. તેમજ તપાસ કર્તા અમલદારે પણ ફરીયાદપક્ષની વિગતને સમર્થન કરેલ છે. આમ, ફરીયાદપક્ષ રજુ સાહેદોના પુરાવાઓથી આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલ હોય આરોપીઓને યોગ્ય તે કાયદા મુજબ સજા કરવા અરજ કરેલ છે.

૪.૧ આરોપીઓ તરફે તેમના વિ.વ.શ્રીએ આંક–૪૩ થી તેમની લેખિત દલીલ રજુ કરેલ છે જે વંચાણે લીધી. આરોપીઓના વિ.વ.શ્રીએ તેમની લેખિત દલીલ મુજબની રજુઆત કરી મુખ્યત્વે જણાવેલ છે કે, આરોપીઓ પાસેથી કોઇપણ જાતનો મુદામાલ મળેલ આવેલ નથી. તેમજ ડીવીડી–સીસીટીવી કુટેજ બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૬૫ (બી) મુજબનું પ્રમાણપત્ર રજુ થયેલ નથી. સદર પ્રમાણપત્ર રજુ કરવુ ફરજીયાત છે. ફરીયાદપક્ષે સ્વતંત્ર સાક્ષીનો પુરાવો રજુ થયેલ નથી. બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો હોવા છતાં કોઇ નજરે જોનાર સાક્ષીઓ સદર કામે મળી આવેલ નથી. તેમજ ફરીયાદપક્ષે ત.ક.અ. ધ્વારા ખોડીયાર કરીયાણાના માલિક કે, કામ કરનાર કે, ત્યાં હાજર વ્યકિતઓના નિવેદનો લેવામાં આવેલ નથી કે, તેઓને સાક્ષી તરીકે લીધેલ નથી. ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ પંચ સાહેદો ફરી ગયેલા છે. જેથી પંચનામાઓની હકીકતો પુરવાર થયેલ નથી. આરોપીઓની કોઇ ઓળખ પરેડની કાર્યવાહી કરવામાં

આવેલ નથી. ફરીયાદપક્ષ તરફે મહત્વના સાહેદ એવા કનુભાઈ મોહનભાઈ પાંડવને તપાસેલ નથી. આરોપીઓને સદર ગુનાના કામે ખોટી રીતે સંડોવેલા છે અને આરોપીઓ પાસેથી કોઈપણ જાતનો મુદ્દામાલ મળી આવેલ નથી અને આરોપીઓ ખુબ જ સામાન્ય વ્યકિત છે. ફરીયાદીએ મુદ્દામાલ માલિકીનો કોઈ પુરાવો કે બીલ તપાસકર્તા અમલદાર સમક્ષ રજુ કરેલ નથી તેમજ ફરીયાદ અજાણી મહિલાઓ વિરૂધ્ધ આપવામાં આવેલ છે. ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો આક્ષેપ શંકારહિત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

આરોપીઓના વિ.વ.શ્રીએ વધુમાં જણાવેલ છે કે, સદર કામનો બનાવ તા.૦૭/૦૧/૨૦૨૦ નારોજ બનેલ છે અને તેની ફરીયાદ તા.૨૩/૦૨/૨૦૨૦ ના રોજ આપવામાં આવેલ છે અને ફરીયાદ મોડી આપવાના કોઈ જ કારણો જણાવેલ નથી.

તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, બનાવવાળી જગ્યાના સીસીટીવી ફુટેજ કબજે કરવામાં આવેલ છે તેમાં માત્ર આરોપીઓની દુકાનમાં હાજરી જણાય આવે છે તે સિવાય કોઈ જ હકીકત ફલીત થતી નથી. તેમજ ફરીયાદીના પુત્રએ બનાવની હકીકતોને સમર્થન કરેલ નથી. તેમજ ફરીયાદીનો પુરાવો જોતાં તેઓ સોસાયટીના નાકા પર આવેલ કરીયાણાની દુકાને કાજુબદામ લેવા ગયેલ અને પરત આવેલ અને રાત્રીના તેઓને તેમના ગળામાં સોનાની કંઠી મળી ન આવતા તેઓએ તપાસ કરી બે અજાણી મહિલા વિરૂધ્ધ ફરીયાદ આપેલ છે.

તેઓએ વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે, ફરીયાદીએ તેમના પુરાવામાં તેઓએ કોઇ વીડીયો ફુટેજ જોયેલ નથી કે, તેઓને કોઇ સીસીટીવી કેમેરાના કોઇ વિડીયો બતાવવામાં આવેલ નથી. તેઓએ માત્ર આરોપીઓની દુકાનમાં હાજરી હોવાના કારણોસર તેઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલાનું જણાય આવે છે. આમ, ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ શંકા રહિત પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા અરજ કરેલ છે.

આરોપીઓના વિ.વ.શ્રીએ તેમની દલીલનાં સમર્થનમાં (1) Anvar P.V. Vs. P.K.Basheer & Ors., Hon'ble Supreme Court, Civil Appeal No.4226 of 2022 (2)

Kali Ram Vs. State of Himachal Pradesh, 1973 AIR 2773 (3) State of Gujarat Vs. Vishnubhai @ Gabbar Prahladbhai Dantani & Ors., R/Criminal Appeale No.779 OF 2011 (Guj. High Court) & (4) Budhsen Vs. State of U.P.Hon'ble Supreme Court, 1970 AIR 1321 વિગેરે ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લીધા.

૪.૨. આ કામે ફરિયાદપક્ષે કેસની ઇન્સાફી કાર્યવાહી દરમિયાન તેમના કેસના સમર્થનમાં ઉપરોક્ત મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે અને ત્યારબાદ આંક–૩૬ થી ફરિયાદ પક્ષે પુરાવાઓ પુરા થયાની પુરસીસ રજુ કરેલી છે. ત્યારબાદ સદર કામે આરોપીઓનું ક્રિમી. પ્રોસી. કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદનો નોંધવામાં આવેલા છે, જેમાં આરોપીઓએ ફરિયાદપક્ષના પુરાવાઓનો ઇન્કાર કરી જણાવેલ છે કે, તેઓ નિદોર્ષ છે. તેઓની સામે ખોટો કેસ કરેલ છે. તેઓની પાસેથી કોઇ મુદામાલ મળી આવેલ નથી. તેઓ સ્ત્રી આરોપીઓ છે, તેમજ ૬૫ (બી) નું પ્રમાણપત્ર રજુ નથી.

૫. આ કામે ઉભય પક્ષકારની રજુઆત સાંભળી અને કેસનું રેકર્ડ ધ્યાને લેતાં ન્યાય નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરિયાદપક્ષે નિશંકપણે સાબિત કરે છે કે, તા.૦૭–૦૧–૨૦૨૦ ના રોજ સાંજના પોણા છ એક વાગ્યાના સુમારે ફરીયાદી કતારગામ શીવલોક સોસાયટીમાં આવેલ ખોડીયાર કરીયાણા નામની દુકાનમાં કાજુ, બદામ લેવા ગયેલ તે વખતે ભીડનો લાભ લઇ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, અચાનક નજર ચુકવી ફરીયાદીના ગળામાં પહેરેલ સોનાની કંઠી, આશરે ત્રણ તોલાની અંદાજે કિં. રૂા.૪૫,૦૦૦/– ની લઇ નાસી જઇ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

૬. ઉપરોકત મુદાઓના તારણો તથા કારણો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**– કારણો –**

૭. **મુદ્દા નં.૧–**

આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ (એ)(૩), ૧૧૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. તપાસના અંતે તપાસ કરનાર અધિકારી દ્વારા ચાર્જશીટ આરોપીઓ સામે દાખલ કરવામાં આવેલ છે. જે ગુનાઓની જોગવાઈઓ જોતા તેના આવશ્યક તત્વો મુજબનો ગુનો પુરવાર કરવા ફરિયાદપક્ષ માટે ફરજીયાત છે. એટલે કે, આરોપીઓ સામેનો કેસ શંકા રહિત પુરવાર કરવો જરૂરી અને આવશ્યક છે.

૮. ફરિયાદપક્ષ તરફથી આંક–૧૬ થી પંચસાહેદ નિકુંજભાઇ ધીરૂભાઇ પ્રજાપતિ (PW–1) તથા આંક–૧૯ થી પંચસાહેદ મેહુલભાઇ હિમંતભાઇ વરીયા (PW–2) નાને તપાસેલા છે. PW–1 નાએ પોતાના પુરાવામાં મુખ્યત્વે જણાવેલું છે કે, તેઓ છેલ્લા ૪ વર્ષથી રાધે ઢોકળાની દુકાનમાં કેશીયર તરીકે કામ કરે છે. કતારગામ પોલીસે તેમને ૩ વર્ષ પહેલા કતારગામ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને ત્યાં ફરીયાદીના પુત્ર હાજર હતા. ત્યાં પોલીસ સ્ટેશનમાં તેમની પાસે તૈયાર લખાણવાળા કાગળ ઉપર સહી કરાવેલી. તેઓ કનુભાઈ મોહનભાઈ પાંડવને ઓળખે છે અને તે તેમની દુકાનના માલીક છે. ફરીયાદી મંગળાબેન કનુભાઈના માતા થાય છે તેની સાથે બનાવ બનેલો હતો. બનાવ કતારગામ મુકામે રાધે ઢોકળાની દુકાનની સામે આવેલ કરીયાણાની દુકાન પાસે બનેલો. બનાવવાળી જગ્યા તેઓએ જોયેલી. કરીયાણાની દુકાન ઉપર સી.સી.ટી.વી. કેમેરા લાગેલા છે. તેઓની રૂબરૂ પોલીસે સી.સી.ટી.વી. કેમેરાની ફુટેજની સીડી કબજે લીધેલી અને તે સીડી તેઓએ જોયેલી. આ સીડી તેઓને બતાવવામાં આવે તો તેઓ ઓળખી શકે. તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું જોઇ તેમાં તેઓની સહી હોવાનું જણાવતા આંક–૧૭ થી રજુ થયેલ છે. સી.સી.ટી.વી. કેમેરાની ડી.વી.ડી. કબજે કર્યા અંગેના પંચનામામાં તેઓની સહી છે જેને રજુ દાખલ આંક–૧૮ આપવામાં આવેલ છે. વધુમાં, ડી.વી.ડી. જોઇ તેમાં તા.૦૭–૦૧–૨૦૨૦ સમય ૫–૫૭ PM બતાવે છે અને તેમાં એક કરીયાણાની દુકાન દેખાય છે જયાં ફરીયાદી મંગળાબેન સાડી પહેરીને ઉભેલા દેખાય છે, તેમજ તેના ગળામાં એક ચેઈન

પહેરેલી દેખાય છે. તેમની આજુબાજુમાં બે લેડીઝ દેખાય છે તેમાંથી એક લેડીઝે લાલ કલરનો ડ્રેસ પહેરેલ છે તથા બીજી લેડીઝે બ્લુ કલરનો ડ્રેસ પહેરેલ છે જેના હાથમાં એક છોકરો દેખાય છે જેમાં બ્લુ કલરનો ડ્રેસ પહેરેલ લેડીઝ ફરીયાદીની પાછળ આવીને ઉભી રહી ગયેલ છે જેણે છોકરો લાલ કલરની ડ્રેસ વાળી લેડીઝને આપી દિધેલ છે અને લાલ કલરની ડ્રેસ વાળી લેડીઝ પણ ફરીયાદીની પાછળ ઉભી રહી ગયેલ છે. સમય ૫:૫૭:૫૪ સેકન્ડ વાગે બ્લુ કલરના ડ્રેસવાળી લેડીઝે ફરીયાદીના ગળામાંથી ચેઈન કાઢીને બાજુમાં ચાલી આવેલ અને ત્યારબાદ લાલ કલરનો ડ્રેસ પહેરેલ લેડીઝ ફરીયાદીની પાછળ ઉભી રહેલાનું દેખાય છે. આ ડી.વી.ડી. કતારગામ પોલીસ સ્ટેશનમાં કનુભાઈએ રજુ કરેલી અને જે ડી.વી.ડી. તેમની રૂબરૂ કબજે લીધેલી.

આ સિવાય આ બંને પંચસાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરાવીને તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ છે તેમ છતાં આ સાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરેલ નથી.

આ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમનું નામઠામ પુછેલુ અને એક તૈયાર લખાણવાળા કાગળ ઉપર સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. પંચનામાની વિગતે તેમને કોઇ જાતમાહિતી નથી. તેઓએ બનાવની કોઇ ડીવીડી જોયેલી ન હતી. ડીવીડી પ્રથમ વખત કોર્ટમાં જોયેલ છે અગાઉ ડીવીડી તેઓએ જોયેલ નથી. કનુભાઇ તેમના શેઠ થતા હોય આથી તેમને તેઓ ઓળખે છે.

આથી, સદર પંચ સાહેદના પુરાવાની વિગતોમાં તેઓએ જણાવેલ છે કે, કતારગામ પોલીસે તેમને ૩ વર્ષ પહેલા કતારગામ પોલીસ સ્ટેશનમાં બોલાવેલ અને ત્યાં ફરીયાદીના પુત્ર હાજર હતા. ત્યાં પોલીસ સ્ટેશનમાં તેમની પાસે તૈયાર લખાણવાળા કાગળ ઉપર સહી કરાવેલી. તેઓ કનુભાઈ મોહનભાઈ પાંડવને ઓળખે છે અને તે તેમની દુકાનના માલીક છે. ફરીયાદી મંગળાબેન કનુભાઈના માતા થાય છે તેની સાથે બનાવ બનેલો હતો. જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, પોલીસે તેમનું નામઠામ પુછેલુ અને એક તૈયાર લખાણવાળા કાગળ ઉપર સહી

કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. પંચનામાની વિગતે તેમને કોઈ જાતમાહિતી નથી. તેઓએ બનાવની કોઈ ડીવીડી જોયેલી ન હતી. ડીવીડી પ્રથમ વખત કોર્ટમાં જોયેલ છે અગાઉ ડીવીડી તેઓએ જોયેલ નથી. તેઓએ એમ પણ જણાવેલ છે કે, સમય ૫:૫૭:૫૪ સેકન્ડ વાગે બ્લુ કલરના ડ્રેસવાળી લેડીઝે ફરીયાદીના ગળામાંથી ચેઈન કાઢીને બાજુમાં ચાલી આવેલ. જે વિગતો જોતા આંક–૧૭ ના કે, આંક–૧૮ ના દસ્તાવેજી પુરાવાઓ પંચનામામાં પણ આ વિગતો જણાવેલી નથી. આમ, સદર પંચ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષના પંચનામાની વિગતો શંકાઓ ઉપજાવે તેવી જણાય આવે છે.

૯. ફરિયાદપક્ષ તરફથી આંક–૨૩ થી ASI સુજીત વિનુભાઈ (PW–૩) ને તપાસેલ છે. તેઓએ પોતાના પુરાવામાં મુખ્યત્વે જણાવેલું છે કે, તેઓ હાલમાં ડીંડોલી પોલીસ સ્ટેશનમાં ASI તરીકે ફરજ બજાવે છે. તા.૨૩–૦૨–૨૦૨૦ ના રોજ તેઓ કતારગામ પોલીસ સ્ટેશનમાં PSO તરીકે ફરજ પર હાજર હતા ત્યારે સદરહુ કામના ફરિયાદીશ્રી મંગળાબેન મોહનભાઈ પાંડવ નાઓ તા.૦૭–૦૧–૨૦૨૦ ના રોજ સોસાયટીની સામે આવેલ શીવલોક સોસાયટીમાં આવેલ ખોડીયાર કરીયાણા નામની દુકાનમાં કાજુ–બદામ લેવા માટે ગયેલ હતા અને તે લઈને પરત ઘરે આવેલા અને રાત્રીના જમીને ઘરે સુઈ ગયેલ અને તા.૦૮–૦૨–૨૦૨૦ ના રોજ રાત્રીના ૨ વાગે તેઓ ઉંઘમાંથી જાગી ગયેલા ત્યારે તેઓને પોતાના ગળામાં પહેરેલી ત્રણ તોલાની કંઠી જેની કિંમત આશરે રૂ.૪૫,૦૦૦/– ની મળી આવેલ નહી. જેથી તેની તપાસ કરતા કરીયાણાની દુકાનમાં લગાડેલા સીસીટીવી ફુટેજ ચેક કરતા ૨ થી ૩ અજાણી મહીલાઓએ તેઓની નજર ચુકવી તેઓના ગળામાં પહેરેલ સોનાની કંઠી કાઢી લીધેલી વિગેરે હકીકતની ફરિયાદ ફરિયાદીએ તેમની રૂબરૂ જણાવેલી. ફરિયાદીની ફરિયાદ તેઓએ લખી લઈ ફરિયાદ વાંચી સંભળાવી ફરિયાદીની સહી તથા રૂબરૂ તરીકે તેઓએ સહી કરેલ. જે ફરિયાદ રજુ થતા તેમાં ફરીયાદીની તથા રૂબરૂ તરીકે તેઓની સહી હોવાનું જણાવતા તેને રજુ દાખલ આંક–૨૪/PW૩ આપવામાં આવેલ છે. ત્યારબાદ સદરહુ ફરિયાદના આધારે કતારગામ પોલીસ સ્ટેશન પાર્ટ–એ–ગુ. રજી. નં.૧૧૨૧૦૦૨૧૨૦૦૨૩૯/ ૨૦૨૨, તા.૨૩–૦૨–૨૦૨૨, ઈ. પી. કોડની કલમ ૩૭૯ (એ) (૩) તથા

૧૧૪ મુજબ ગુનો દાખલ કરેલ અને ત્યારબાદ સદરહુ ગુનાની વધુ તપાસ માટે પોલીસ સબ ઈન્સપેક્ટર પી. જી. ભુવાને સદરહુ ગુનાના પેપર્સ આપેલ. તેઓએ સ્ટેશન ડાયરીની પ્રમાણિત નકલ રજુ કરતા તેને રજુ દાખલ આંક–૨૫/PW3 આપવામાં આવેલ છે.

આ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરેલી છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સદર ગુનાની ફરીયાદ લીધેલ છે અને ગુનો રજીસ્ટર કરેલ તે સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ આપેલ હતી. ગુનો બન્યા પછી મોડી ફરીયાદ આપેલ હતી. મુદામાલ અંગે કોઈ બીલ ફરીયાદીએ રજુ કરેલ નથી.

આમ, સદર પોલીસ સાહદેના પુરાવામાંથી એવી હકિકતો ફલીત થઈ આવે છે કે, આ કામે બનાવ તા.૦૭–૦૧–૨૦૨૦ ના રોજ બનેલો છે જેની ફરીયાદ તા.૨૩–૦૨–૨૦૨૦ ના રોજ કતારગામ પોલીસ સ્ટેશનમાં હાલના સાહેદને આપેલી છે. જે ફરીયાદના વિલંબના કોઈ જ કારણો હાલના સાહેદ PSO એ ફરીયાદીની ફરીયાદમાં નોધેલા નથી કે, ફરીયાદીને પણ પૂછેલુ હોય તેવો પુરાવો રજુ થયેલો નથી અને સાહેદે માત્ર તેઓએ ફરીયાદીની ફરીયાદ લીધેલી હોવાનું જણાવેલ છે. આથી તેઓના પુરાવામાંથી ગુનાને સાંકળતી મહત્વની કોઈ વિગતો જણાય આવતી નથી.

૧૦. ફરિયાદપક્ષ તરફથી આંક–૨૯ થી ફરીયાદી– મંગળાબેન મોહનભાઈ પાંડવ (PW–4) ને તપાસેલ છે. તેઓએ પોતાના પુરાવામાં મુખ્યત્વે જણાવેલું છે કે, બનાવના દિવસે તેઓ સોસાયટીના નાકા પર આવેલ કરીયાણાની દુકાન પર કાજુ–બદામ લેવા માટે ગયેલ અને તે લઈને પરત આવી ગયેલ અને રાત્રીના સમયે તેમને ખબર પડેલ કે, તેમના ગળામાં પહેરેલ સોનાની કંઠી મળી આવેલી નહી. જેથી તેઓ તેમના પરીવાર સાથે સવારના સોનાની કંઠીની તપાસ કરવા માટે ગયેલ ત્યારે આજુબાજુ તપાસ કરતા કંઠી મળી આવેલ નહી. ત્યારબાદ કરીયાણાની દુકાને ગયેલ અને સીસીટીવી કેમેરા ચેક કરેલા ત્યારે જાણમાં આવેલ કે, કરીયાણાની દુકાનમાં બે થી ત્રણ અજાણી મહિલાઓ હતી જેઓ નજર

ચુકવીને તેમની સોનાની કંઠી લઈને જતી રહેલી. જેથી કતારગામ પોલીસ સ્ટેશનમાં તેઓ વિરૂધ્ધ ફરિયાદ આપવા ગયેલ અને ત્યાં તેઓ વિરૂધ્ધ તેઓએ ફરીયાદ આપેલ. આંક–૨૪ થી રજુ ફરિયાદમાં તેઓની સહી છે. તેમનો અછોડો જે બાઈઓ તોડીને લઈ ગયેલ તેને તેઓ ઓળખે છે. તેઓને ડીવીડી નામદાર કોર્ટના કોમ્પ્યુટરમાં રન કરીને બતાવતા તેમાં બે અલગ–અલગ ફોલ્ડરો આવેલાનું તેમજ તેઓ ફરિયાદી તથા આરોપીની હાજરી જોવા મળેલાનું તેમજ ફરિયાદીએ પોતે આરોપીને તે ડીવીડીમાં ઓળખી બતાવેલ છે.

ફરીયાદીની આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા વસ્તી વાળો, ભીડભાડવાળો વિસ્તાર છે. ફરીયાદ અજાણ્યા ઇસમો વિરૂધ્ધ આપેલી. કરીયાણાની દુકાનમાં ઘણી બધી સ્ત્રીઓ ઉભેલી હતી. તેઓને એ યાદ નથી કે, સોનાની કંઠીનું બીલ પો.સ્ટે.માં આપેલ નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમની ફરીયાદમાં એવુ લખાવેલ છે કે, મને રાત્રે ૨ વાગે ગરમી થતી હતી ત્યારે ગળામાં હાથ ફેરવતા ખબર પડેલી કે કંઠી નથી. એ વાતનો પણ સ્વીકાર કરેલ છે કે, કરીયાણાની દુકાન જે પબ્લીક ઉભેલી હતી તે તમામને તેઓ ઓળખતા હતા.

આમ, ફરીયાદી સાહેદના પુરાવાની વિગતો જોતાં બનાવના દિવસે તેઓ સોસાયટીના નાકા પર આવેલ કરીયાણાની દુકાન પર કાજુ–બદામ લેવા માટે ગયેલ અને તે લઈને પરત આવી ગયેલ અને રાત્રીના સમયે તેમને ખબર પડેલ. જયારે ફરીયાદપક્ષે ફરીયાદીના ઘરથી સોસાયટીના નાકા ઉપરની દુકાન કેટલી દુર આવેલી છે તેનો પુરાવો રજુ કરેલો નથી. તેમજ ફરીયાદી સાહેદે પણ પુરાવામાં જણાવેલ છે તેઓને મોડી રાત્રે એટલે કે, બે વાગ્યાના સુમારે ગરમી થતી હતી ત્યારે ખબર પડેલી છે અને તે પહેલા તેઓએ તેમના ઘરના સભ્યોને જાણ કરેલી નથી કે, તેમના પુત્રોને કે, પુત્રવધુઓએ કે, ઘરના અન્ય સભ્યોએ પણ ફરીયાદીના ગળામાં પહેરેલ તેમની સોનાની કંઠીને નહી હોવાનું જણાવેલુ નથી. સદર સાહેદે જણાવેલ છે કે, કરીયાણાની દુકાનમાં બે થી ત્રણ અજાણી મહિલાઓ હતી જેઓ નજર ચુકવીને તેમની સોનાની કંઠી લઈને જતી રહેલી. જયારે ઉલટતપાસમાં જણાવેલ છે કે, મને રાત્રે ૨ વાગે ગરમી થતી હતી, ત્યારે ગળામાં

હાથ ફેરવતા ખબર પડેલી કે કંઠી નથી. તેમજ, કરીયાણાની દુકાનમાં બે થી ત્રણ અજાણી મહિલાઓ હતી અને ઉલટતપાસમાં જણાવે છે કે, કરીયાણાની દુકાન જે પબ્લીક ઉભેલી હતી તે તમામને તેઓ ઓળખતા હતા. જે બંને બાબતો વિરોધાભાસી અને વિસંગત જણાય આવે છે અને ફરીયાદીના પુરાવાની વિગતો શંકાસ્પદ જણાય આવે છે.

૧૧. ફરિયાદપક્ષે આંક–૩૩ થી ત.ક.અ. PSI પારૂલબેન ગોવિંદભાઇ ભુવા (PW–5) ને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં મુખ્યત્વે જણાવેલું છે કે, સને–૨૦૨૦ ની સાલમાં કતારગામ પો.સ્ટે.માં PSI તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન કતારગામ પો. સ્ટે. પાર્ટ– એ – ગુના રજી. નં.૧૧૨૧૦૦૨૧૨૦૦૨૩૯ /૨૦૨૦, તા.૨૩–૦૨– ૨૦૨૦, ઈ. પી. કોડની કલમ ૩૭૯ (એ) (૩) તથા ૧૧૪ મુજબ દાખલ થયેલ તે ગુનાની તપાસ તેઓને સોંપવામાં આવતા તેઓએ સંભાળેલ. ત્યારબાદ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ગુનાવાળી જગ્યાનું પંચોની હાજરીમાં પંચનામુ કરેલ. તપાસના કામે બનાવ જે જગ્યા પર બનેલ તે જગ્યાની આજુબાજુ દુકાનો આવેલ હોય અને તે દુકાનો પૈકી ખોડીયાર કરીયાણાની દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં બનાવ કબજે થયેલ હોય તે બનાવ અંગેના વિડીયો ફુટેજોની ડીવીડી તૈયાર કરી સાહેદ કનુભાઈ મોહનભાઈ પાંડવનાઓએ રજુ કરેલ હોય જે ડીવીડી તપાસના કામે સામેલ રાખેલ.આંક–૧૮ થી રજુ થયેલ પંચનામા સાથે કબજે કરવામાં આવેલ ડીવીડી નામદાર કોર્ટના કોમ્પ્યુટરમાં રન કરીને તેઓને બતાવવામાં આવેલ જે જોઇ તે તેઓએ તપાસના કામે સામેલ રાખેલ તે જ ડીવીડી હોવાનું જણાવતા તેને રજુ દાખલ આંક–૩૪(P–૧/PW ૫) આપવામાં આવેલ છે. તપાસના કામે આરોપીઓ મળી આવેલ હોય અટક કરી નીયત સમયમાં નામદાર કોર્ટમાં રજુ કરેલા. આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આંક–૧૭ થી રજુ ગુનાવાળી જગ્યાના પંચનામામાં તથા આંક–૧૮ થી રજુ સીસીટીવી કેમેરાના વિડીયો ફુટેજની ડીવીડી કબજે કર્યાના પંચનામામાં રૂબરૂ તરીકે તેમની તથા પંચોની સહી છે. આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

આ સાહેદની આરોપીઓના વિ.વ.શ્રીએ ઉલટતપાસ કરેલ છે. જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા લોકોની અવરજવરવાળો અને વસ્તીવાળો વિસ્તાર છે. આ કામે આરોપીઓની ઓળખપરેડ કરાવવામાં આવેલ નથી. હાલની ફરીયાદ અજાણી સ્ત્રીઓ વિરૂધ્ધ આપવામાં આવેલ છે. ફરીયાદ ૧૬ દિવસ જેટલી મોડી આપવામાં આવેલ હતી. સદર કામે આરોપીઓ પાસેથી કોઇ મુદામાલ મળી આવેલ નથી. સદર કામે ખોડીયાર કરીયાણાની દુકાનવાળાને સાહેદ તરીકે બતાવેલ નથી કે, તેમનું કોઇ નિવેદન તપાસના કામે મેળવેલ નથી. આ કામે નજરે જોનાર સાહેદના નિવેદનો મળી આવેલ નથી. આ કામે ભા. પુ. અ. નિયમની કલમ ૬૫ બી મુજબનું પ્રમાણપત્ર મેળવી રજુ કરેલ નથી. આ કામે મુદામાલ અંગેનું કોઇ બીલ કે, તેનો આધાર ફરીયાદીએ આપેલ નથી.

આમ, સદર સાહેદ એ પોલીસ સાહેદ છે. તેમજ તેઓએ આ કામે પોલીસની તપાસ અંગેની કાર્યવાહી કરેલી છે.

૧૨. ફરિયાદપક્ષે આંક–૩૫ થી ફરીયાદીના પુત્ર ઇશ્વરભાઇ મોહનભાઇ પાંડવ (PW–6) ને તપાસેલા છે. તેઓએ પોતાના પુરાવામાં મુખ્યત્વે જણાવેલું છે કે, તેઓ રાધે ધોકળાના નામથી વેપાર કરે છે. આ કામના ફરીયાદી તેમના માતા થાય છે. તેમની માતાના ગળામાં પહેરેલ સોનાની કંઠી કોઇ વ્યકિતઓ ચોરીને લઇ ગયેલ તેવી હકીકત તેમને જાણવા મળેલી.

આ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોય ફરીયાદપક્ષ તરફે વિ.એપીપીશ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરી તેઓની વિગતવાર ઉલટતપાસ કરેલ છે તેમ છતાં આ સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી.

આ સાહેદની આરોપીનાં વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવેલ છે જેમાં તેઓએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ બનાવ નજરે જોયેલ નથી. બનાવ અંગે તેઓને કોઇ જાત માહિતી નથી. આમ સદર સાહેદ Hearsay Evidence રજુ કરે છે અને તેઓને બનાવની કોઇ જાત માહીતી ન હોવાનું જણાવે છે.

૧૩. **ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાઓનું મુલ્યાંકન તથા અવલોકન–**

૧૩.૧ આમ, ફરીયાદપક્ષ તરફે પડેલા એકદંર પુરાવાઓનું સમગ્રપણે મુલ્યાંકન કરવામાં આવેથી, ફરીયાદપક્ષ એવી હકીકત લઇને અદાલત સમક્ષ આવેલ છે કે, તા.૦૭–૦૧–૨૦૨૦ ના રોજ સાંજના પોણા છ એક વાગ્યાના સુમારે ફરીયાદી કતારગામ શીવલોક સોસાયટીમાં આવેલ ખોડીયાર કરીયાણા નામની દુકાનમાં કાજુ, બદામ લેવા ગયેલ તે વખતે ભીડનો લાભ લઇ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, અચાનક નજર ચુકવી ફરીયાદીના ગળામાં પહેરેલ સોનાની કંઠી, આશરે ત્રણ તોલાની અંદાજે કિં. રૂા.૪૫,૦૦૦/– ની લઇ નાસી જઇ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે.

સદર કામે ફરીયાદપક્ષના પુરાવાઓની ચર્ચા કરતા પહેલા ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ (એ) (૩) તથા તેના આવશ્યક તત્વો ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે, જે નીચે મુજબ છે.

*In the Indian Penal Code, 1860 (XLV of 1860), after section 379, the following sections shall be inserted, namely:—*

*379B. Snatching after preparation made for causing death, hurt or restraint in order to the committing of snatching.—Whoever commits or attempts to commit snatching, having made preparation for causing death, or hurt, or restraint, or fear of death, or of hurt, or of restraint, to any person, in order to the committing of such snatching, or in order to the retaining of property taken by such snatching, shall be punished with rigorous imprisonment for a term which shall not be less than seven years but which may extend to ten years, and with fine which may extend to twenty-five thousand rupees*.

સદર કામે ફરીયાદપક્ષ જે હકીકત લઇને અદાલત સમક્ષ આવેલ છે તે હકીકત પુરવાર સારૂ ફરીયાદપક્ષે ફરીયાદીને તપાસેલ છે અને તેઓએ તેમના પુરાવામાં બનાવના દિવસે તેઓ તેમની સોસાયટીના નાકે આવેલ કરીયાણાની દુકાને કાજુ બદામ લેવા ગયેલ અને ઘરે પરત આવેલ અને રાત્રીના સમયે તેમના ગળામાં રહેલ સોનાની કંઠી ન હોવાનું માલુમ પડતા તેઓ તેમના પરીવાર સાથે આજુબાજુ તપાસ કરવા ગયેલ અને બાદમાં કરીયાણાની દુકાને ગયેલા અને ત્યાં સીસીટીવી કેમેરા ચેક કરેલા, જેમાં તેમના ગળામાંથી તેમની નજર ચુકવી બે થી ત્રણ અજાણી મહિલાઓ સોનાની કંઠી લઇ જતી રહેલ અને તે અંગેની તેઓએ ફરીયાદ આપેલ છે.

જયારે ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતાં કરીયાણાની દુકાન ઉપર પુછપરછ કરતા કોઇ ફળદાયી હકીકત જાણવા મળેલ નહિં અને બાદમાં સીસીટીવી કુટેજ ચેક કરતા બે થી ત્રણ અજાણી મહિલાઓ તેમની નજર ચુકવી ગળામાં પહેરેલ સોનાની કંઠી લઇ જતા રહેલ અને બાદમાં કતારગામ પોલીસે આવી ચેઇન ચોરી કરતી મહિલાઓને પકડેલાનું જાણવા મળતા તેઓ, જીનેશ કનુભાઇ પાંડવા સાથે પો.સ્ટે.માં ગયેલ અને તે સ્ત્રીઓને જોયેલ જેથી આ બંને સ્ત્રીઓએ જ ચોરી કરેલ છે.

આમ, ફરીયાદીની ફરીયાદ તથા પુરાવાની વિગતો જોતાં તેઓએ કરીયાણાની દુકાનના સીસીટીવી કુટેજ જોયેલ હોય અને તે કુટેજ મુજબની કોઇ વિગતો પોલીસને પુરી પાડેલ હોય તેવી કોઇ વિગતો જણાય આવતી નથી. જયારે ફરીયાદ વંચાણે લેતાં પોલીસે આરોપીઓને પકડેલ હોય તેવુ ફરીયાદીને જાણવા મળતા ફરીયાદી તેમના પૌત્ર સાથે પો.સ્ટે.માં ગયેલ અને તે સ્ત્રીઓને જોયેલી અને આ બે સ્ત્રીઓએ ચોરી કરેલ છે તેવુ જણાવેલ છે.

૧૩.૨ વધુમાં, ફરીયાદીનો પુરાવો જોતાં ચોરી ગયેલ કંઠી તેઓએ કેવી રીતે ખરીદ કરેલ કે, તેઓને કોઇએ ગીફટમાં આપેલ હોય તે અંગેના કોઇ જ પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. તેમજ ફરીયાદપક્ષના રજુ પુરાવાઓ વંચાણે લેતાં ચોરીમાં ગયેલ મુદામાલ હાલના આરોપીઓએ પાસેથી મળી આવેલ ન હોવાની હકીકત જણાય આવે છે.

૧૩.૩ ફરીયાદપક્ષે આંક–૧૬ અને ૧૯ થી તપાસવામાં આવેલ સાહેદોએ તેમના પુરાવામાં તેઓ રાધે ઢોકળાની દુકાનમાં કામ કરતા હોવાનું અને તેઓની દુકાનની સામે આવેલ કરીયાણાની દુકાન પાસે બનાવ બનેલાનું અને તે બનાવવાળી જગ્યાએ તેઓએ જોયેલાનું અને દુકાનમાં સીસીટીવી કેમેરા લાગેલા જે પોલીસે તેમની રૂબરૂ સીસીટીવી કેમેરાની કુટેજની સીડી કબજે લીધેલી અને આ સીડી તેઓએ જોયેલી. તેમજ તેઓએ ડીવીડી કોર્ટ રૂબરૂ જોઇએ બ્લુ કલરના ડ્રેસવાળી લેડીઝે ફરીયાદીના ગળામાંથી ચેઇન કાઢી બાજુમાં ચાલી આવેલ અને ત્યારબાદ લાલ કલરનો ડ્રેસ પહેરેલ લેડીઝ ફરીયાદીની પાછળ ઉભી રહેલાનું જણાવેલ છે. આ ડીવીડી કતારગામ પોલીસ સ્ટેશનમાં કનુભાઇએ રજુ કરેલ છે પરંતુ

ફરીયાદપક્ષ તરફે તેઓને તપાસવામાં આવેલ નથી. તેમજ આ બંને પંચસાહેદોને કબજે કરવામાં આવેલ ડીવીડી ચાલુ કરી બતાવેલ નથી. તેમજ તેઓએ કોર્ટ રૂબરૂ આ ડીવીડી પ્રથમ વખત જોયેલાનું જણાવેલ છે. તેમજ આ બંને પંચસાહેદો એ ઉલટતપાસમાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલાનું અને પંચનામાની વિગતો વિશે તેઓને જાતમાહિતી ન હોવાનું અને બનાવની કોઇ ડીવીડી તેઓએ જોયેલ ન હોવાનું અને કોર્ટમાં પ્રથમ વખત જોયેલાનું કબુલ રાખેલ છે. આમ, પંચસાહેદોના પુરાવામાં શંકા ઉત્પન્ન થાય છે. તેમજ પંચસાહેદોના પુરાવાથી ડીવીડી કનુભાઇએ પો.સ્ટે.માં રજુ કરેલ તેમ છતાં ફરીયાદપક્ષ દ્વારા તેઓને તપાસેલા નથી.

૧૩.૪ વધુમાં, ત.ક.અ. PW–5 ના પુરાવાને ધ્યાને લેતા તેમાં તેઓએ સ્પષ્ટપણે એ હકીકત કબુલ રાખેલ છે કે, આ કામે નજરે જોનાર સાહેદના નિવેદન મળી આવેલ નથી. સદર કામે ખોડીયાર કરીયાણાની દુકાનવાળાને સાહેદ તરીકે બતાવેલ નથી કે, તેમનું કોઈ નિવેદન તપાસના કામે મેળવેલ નથી. સદરહુ હકીકત જોતાં બનાવ જે જગ્યાએ બનવા પામેલ છે તે જગ્યાના માલિકીને ફરીયાદપક્ષે સાહેદ તરીકે દર્શાવેલ નથી કે, તેઓનું કોઇ નિવેદન પણ લીધેલા નથી. તેમજ તેમની દુકાનના સીસીટીવી કુટેજ ફરીયાદીના પતિ કનુભાઇએ રજુ કરેલ છે. તેમજ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૬૫ (બી) મુજબનું પણ કોઇ પ્રમાણપત્ર મેળવવામાં આવેલ નથી. તેમજ ફરીયાદીએ મુદામાલ અંગે કોઇ બીલ કે, તેના આધાર પુરાવો રજુ કરેલ નથી કે, તપાસના કામે આરોપીઓ પાસેથી કે, અન્ય વ્યક્તિઓ પાસેથી કોઇ મુદ્દામાલ પણ મેળવેલો નથી.

આમ, ફરીયાદપક્ષના પુરાવો જોતાં ખરેખર ફરીયાદીના ગળામાં સોનાની કંઠી હતી કે કેમ? તે હકીકત ફરીયાદપક્ષ તરફે તે અંગેના ચોકકસ પુરાવા રજુ કરેલ ન હોવાના કારણોસર માની શકાય તેમ નથી. તેમજ તે કંઠીની હાલના આરોપીઓએ જ ચોરી કરેલ છે તેવી પણ કોઇ જ હકીકત જણાય આવતી નથી કારણ કે, ફરીયાદીએ જ તેમની ઉલટતપાસમાં કરીયાણીની દુકાને જે પબ્લીક ઉભેલી હતી તે તમામને તેઓ ઓળખતા હતા તેમ સ્વીકારેલ છે. જે હકીકત ધ્યાને લેતાં જો આરોપીઓએ જ તેમના ગળામાં રહેલ સોનાની કંઠીની ચોરી કરેલી હોય

તેવી વ્યક્તિઓ નામો ફરીયાદીમાં જણાવી શકેલ હોત અને તેમના નામજોગ ફરીયાદ કરેલ હોત પરંતુ ફરીયાદી દ્વારા બે થી ત્રણ અજાણી સ્ત્રીઓ સામે ફરીયાદ કરવામાં આવેલ છે. જયારે હાલના કામે બે જ આરોપીઓ જણાવેલા છે. જે વિગતો પણ શંકાઓ ઉપજાવે તેવી જણાય આવે છે.

૧૩.૫ વધુમાં, ફરીયાદપક્ષે ફરીયાદીના પુત્રને PW–6 નાને તપાસેલા છે અને તેઓએ તેમના પુરાવામાં તેમની માતાના ગળામાં પહેરેલ સોનાની કંઠી કોઇ વ્યકિત ચોરી લઇ ગયેલ તેવી હકીકત તેઓને જાણવા મળેલ છે અને તેઓએ કોઇ વિડીયો કુટેજ જોયેલ નથી. આમ, આ સાહેદ તે ફરીયાદીના પુત્ર છે અને સદર કામે ફરીયાદી અને તેમના પૌત્ર જીનેશભાઇ કનુભાઇ પાંડવા પો.સ્ટે.માં ગયેલ અને તેઓએ સ્ત્રીઓને જોયેલ અને તે સ્ત્રીઓએ ફરીયાદીની સોનાની કંઠીની ચોરી કરેલાની વિગત ફરીયાદમાં જણાવેલ છે તેવી કોઇ જ હકીકત તેઓએ તેમના પુત્રને જણાવેલ નથી અને આવી કોઇ હકીકત શા માટે જણાવેલ નથી તે અંગેનો કોઇ જ ખુલાસો ફરીયાદપક્ષે રજુ થયેલ નથી અને સદર સાહેદ **Hearsay Evidence** રજુ કરે છે કે, જેને બનાવની કોઇ જાત માહીતી ન હોવાનું જણાવે છે. તેમજ જીનેશ કનુભાઇ પાંડવને પણ ફરીયાદપક્ષે સાહેદ તરીકે દર્શાવવામાં આવેલ નથી. તેમજ ફરીયાદપક્ષે તરફે બનાવના દિવસે દુકાનમાં હાજર હોય તેવા કોઇ વ્યકિતના નિવેદનો લેવામાં આવેલ હોય કે તેઓને સાહેદ તરીકે દર્શાવેલ હોય તેવી પણ કોઇ હકીકતો જણાય આવતી નથી. સદર બાબતો પણ શંકાઓ ઉપજાવે તેવી જણાય છે.

૧૩.૬ વધુમાં, સીસીટીવી કુટેજ જોતાં પણ હાલના આરોપીઓની હાજરી જણાય આવે છે પરંતુ આરોપીઓએ ફરીયાદીના ગળામાંથી સોનાની કંઠીની ચોરી કરેલી હોય તેવી કોઇ હકીકત જણાય આવતી નથી. તેમજ સીસીટીવી કુટેજમાં કોઇ એડીટીંગ કે, છેડછાડ કરવામાં આવેલ ન હોવા અંગેના પણ કોઇ પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી કે, ડીવીડીને એફ.એસ.એલ. પરીક્ષણ અર્થે મોકલવામાં આવેલ હોય તેવી પણ કોઇ જ હકીકત જણાય આવતી નથી.

૧૩.૭ PW–3 (PSO) ના પુરાવામાંથી એવી હકિકતો ફલીત થઇ આવે છે કે, આ કામે બનાવ તા.૦૭–૦૧–૨૦૨૦ ના રોજ બનેલો છે. જેની ફરીયાદ તા.૨૩–૦૨–

૨૦૨૦ ના રોજ કતારગામ પોલીસ સ્ટેશનમાં હાલના PW–4 નાએ આપેલી છે. જે ફરીયાદ આંક–૨૪ માં વિલંબના કોઇ જ કારણો હાલના સાહેદ PSO એ ફરીયાદીની ફરીયાદમાં નોધેલા નથી.

૧૩.૮ વધુમાં, ફરીયાદપક્ષે રજુ થયેલા Video recordings CCTV Footage માં આરોપીઓ ની હાજરી જોવા મળે છે તે પુરાવાને વિ.એ.પી.પી.શ્રીએ ધ્યાને લેવાની રજુઆત કરેલ છે. જે જોતાં, સદર વિડીયો ફુટેજમાં આરોપીઓની હાજરી હોવાનું જણાય આવે છે પરંતુ ગુનામાંની કોઇ હકિકતો સાથે આરોપીઓને સાંકળતો હોય તેવો પુરાવો જોવા મળતો નથી. જયારે ફરીયાદપક્ષના બંને પંચ સાહેદો PW-1 અને PW-2 નાઓએ પંચનામા આંક-૧૭ અને આંક-૧૮ ની વિગતોને પણ સમર્થન કરેલ નથી. જયારે આ કામે PW–5 ના પુરાવામાં કબૂલ કરેલ છે કે, આરોપીઓની કોઇ ઓળખ પરેડની કાર્યવાહી કરવામાં આવેલ નથી કે, અન્ય કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો મેળવેલ ન હોય અને ભા. પુ. અ. નિયમની કલમ ૬૫ બી મુજબનું પ્રમાણપત્ર મેળવી રજુ કરેલુ નથી.

તેમજ, આરોપીઓ તરફે રજુ કરેલા નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક ચુકાદા Anvar P.V. V/s P.K. Basheer and others, AIR 2015 SUPREME COURT 180 ને માનસહ વંચાણે લેતા તેના પેરા નં.17 & 19 માં હેલ્ડ કરેલ છે કે,

*17. The Evidence Act does not contemplate or permit the proof of an electronic record by oral evidence if requirements under Section 65B of the Evidence Act are not complied with, as the law now stands in India.*

*19. Proof of electronic record is a special provision introduced by the IT Act amending various provisions under the Evidence Act. The very caption of Section 65A of the Evidence Act, read with Sections 59 and 65B is sufficient to hold that the special provisions on evidence relating to electronic record shall be governed by the procedure prescribed under Section 65B of the Evidence Act. That is a complete code in itself. Being a special law, the general law under Sections 63 and 65 has to yield.*

આથી, ઉપરોકત વિગતોએ તથા નામદાર સુપ્રિમ કોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને રાખતા આરોપીઓની હાજરી જણાવેલ હોવા માત્રથી તેઓને હાલના ગુના સાથે સંકળાયેલા હોવાનું માની શકાય નહી. આથી, પણ આરોપીઓના વિ.વ.શ્રીની દલીલ ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાય આવે છે.

૧૩.૯ વધુમાં, આરોપીઓના વિ.વ.શ્રીએ તેમની દલીલનાં સમર્થનમાં (1) Kali Ram Vs. State of Himachal Pradesh, 1973 AIR 2773 (2) State of Gujarat Vs. Vishnubhai @ Gabbar Prahladbhai Dantani & Ors., R/Criminal Appeale No.779 OF 2011 (Guj. High Court) & (3) Budhsen Vs. State of U.P.Hon'ble Supreme Court, 1970 AIR 1321 વિગેરે ચુકાદાઓ રજુ કરેલ છે જે માનસહ વંચાણે લેતા તેમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતોને ધ્યાને રાખતા, આરોપીઓના વિ.વ.શ્રીની દલીલ ગ્રાહ્ય રાખવા યોગ્ય જણાય આવે છે.

આમ, ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ તમામ સાહેદોના સમગ્ર પુરાવાઓ નું મુલ્યાંકન કરવામાં આવેથી એક પણ સાહેદના પુરાવાથી આરોપીઓએ ફરીયાદીનાં ગળામાંથી સોનાની કંઠીની ચોરી કરેલ હોય કે, આરોપીઓ પાસેથી જ ફરીયાદીની સોનાની કંઠી મળી આવેલી હોય તેવી કોઇ જ હકીકત જણાય આવતી નથી. ફરીયાદપક્ષે રજુ તમામ સાહેદોના પુરાવાથી ઇ. પી. કોડની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ ના આવશ્યક તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે. જેથી, તા.૦૭–૦૧–૨૦૨૦ ના રોજ સાંજના પોણા છ એક વાગ્યાના સુમારે ફરીયાદી કતારગામ શીવલોક સોસાયટીમાં આવેલ ખોડીયાર કરીયાણા નામની દુકાનમાં કાજુ, બદામ લેવા ગયેલ તે વખતે ભીડનો લાભ લઇ આ કામના આરોપીઓએ એકબીજાની મદદગારી કરી, અચાનક નજર ચુકવી ફરીયાદીના ગળામાં પહેરેલ સોનાની કંઠી, આશરે ત્રણ તોલાની અંદાજે કિં. રૂા.૭૫,૦૦૦/– ની લઇ નાસી જઇ, આ કામના આરોપીઓએ ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ (એ) (૩), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોય તેમ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ તદન અસફળ રહેલા છે. આથી, મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં.૨ પરત્વે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## *– આખરી હુકમ –*

આથી, સેસન્સ કેસ નં.૫૬૭/૨૦૨૨ ના કામના આરોપી નં.૧. રતનબેન પરબતભાઇ સોલંકી તથા આરોપી નં.૨. રૂપાબેન ભરતભાઇ વાધેલા બંને રહે– ઝુપડપટ્ટી, સુજાનગઢ, તા.જી. શીરોહી, રાજ્ય–રાજસ્થાન નાઓને ક્રિમી. પ્રોસી

કોડની કલમ ૨૩૫ (૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૯ (એ) (૩) ને સાથે કલમ ૧૧૪ વાંચતા મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી પુરાવાઓના અભાવે, શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૩૭ (એ) મુજબ આરોપીએ ઉપલી અદાલતમાં અપીલ થાય તો હાજર રહેવા સારૂ છ માસના સમય માટેના રૂા.૧૦,૦૦૦/– ના નવા જામીન અને જાતમુચરકા રજુ કરવા.

આ કામનો બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નિયમ મુજબ નાશ કરવો તથા કિમતી મુદામાલ અંગે વચગાળાનો કરેલો હોય તે હુકમ, અપીલ સમય પુર્ણ થયેથી કાયમ કરવામાં આવે છે. તેમજ બાકી કિમતી મુદામાલ હોય તો તે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૪૫૨ અન્વયે તેનો અપીલ સમય બાદ નિકાલ કરવો.

હાલના કેસનું તમામ રેકર્ડ અને પ્રોસીડીંગ્સ નિયમો મુજબ વર્ગીકૃત કરીને અત્રેની જવાબદાર કર્મચારીઓએ રેકર્ડ રૂમને મોકલી આપવું.

આ હુકમ આજ તા.૩૦ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)